ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

**અખબારી યાદી** **તા. ૭-૧૧-૨૦૨૨**

- **સુપ્રિમકોર્ટના ચુકાદાને આવકાર પરંતુ સરકારને સવાલ : આલોક શર્મા**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રવક્તાશ્રી આલોક શર્માજીએ જણાવ્યું હતું કે, આર્થિક અનામત બાબતે દેશની સંસદે જે નિર્ણય કરેલ હતો તે બાબતે આજે સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા પાંચ જજની બેંચ દ્વારા ૧૦ ટકા અનામત આર્થિક રીતે જે નબળા વર્ગના લોકો માટે છે અને તેમને મળે તેના પક્ષમાં બહુમતિ જજનો ચુકાદો આપવામાં આવેલ છે. કોંગ્રેસ પક્ષ હંમેશાથી ગરીબોને, દલિતોને, શોષીતોને, વંચિતોને, આર્થિક - સામાજીક પછાત વર્ગને મુખ્ય ધારામાં આગળ કઈ રીતે લાવી શકાય તેના માટે સ્વતંત્રતાથી લઈને આજસુધી કાર્ય કરી રહ્યો છે. ભલે તે સંવિધાનની રૂપરેખા હોય અથવા અમારી દરેક સરકારોની નીતિઓ રહેલી હોય. આજે જે સુપ્રિમ કોર્ટનો ચુકાદો આવ્યો છે તેને કોઈપણ પ્રકારનો વિલંબ વિના અને કોઈપણ પ્રશ્ન ચિન્હ વિના સ્વાગત કરીએ છીએ. સ્વાગત યોગ્ય નિર્ણય છે. પરંતુ કેન્દ્રમાં ભાજપની સરકાર છે આ નિર્ણયનો ફાયદો જનતાને કઈ રીતે મળશે કારણ કે, લગભગ ૭૦ લાખ કરતા વધુ નોકરીઓ કેન્દ્ર સરકારમાં પદ વિનાની રહેલી છે. તેને જો ભરવામાં આવે તો જ ૧૦ ટકા લાભ જનતાને મળશે. મોદી સરકાર જવાબ આપે કે આરક્ષણનો ફાયદો જનતાને કેવી રીતે મળશે ? આપ દરેક વિભાગ અને ડીપાર્ટમેન્ટને ખાનગીકરણ તરફ લઈ જઈ રહ્યાં છો. સરકારી સંસ્થાઓને વેચી રહ્યાં છો. એર ઈન્ડિયાને વેચી નાખી, તમામ રેલ્વે અને લશ્કરની જમીનોને વેચી રહ્યાં છે. તમામ વિભાગોને તમે તમારા માનિતા ઉદ્યોગપતિઓને આપી રહ્યાં છો તો આરક્ષણનો ફાયદો કઈ રીતે મળશે. સુપ્રિમકોર્ટે તો સ્વાગત યોગ્ય નિર્ણય લીધો છે પરંતુ ભાજપ આ બાબતે શું ચિંતન કરશે ? ચાર-પાંચ મહિના પહેલા મોટા ઉપાડે જાહેરાત કરવામાં આવેલ હતી કે, ૮ જુન ૨૦૨૩ સુધીમાં ૧૦ લાખ નોકરીઓ આપવામાં આવશે, આ ૧૦ લાખ નોકરીઓમાંથી કેટલા રોજગાર આપવામાં આવ્યાં તે ભાજપ સરકાર બતાવે ? આજે ગુજરાતમાં અને દેશમાં કોન્ટ્રાક્ટ પધ્ધતિ દ્વારા ભરતી કરવામાં આવે છે તેમાં પણ કોઈપણ પ્રકારની અનામતનો લાભ મળતો નથી. ભાજપ શિક્ષણનું ખાનગીકરણ કરી રહી છે અને નોકરીઓ પણ આપી રહી નથી. સંસદમાં દર્શાવાયેલ સત્તાવાર આંકડા મુજબ ૨૨.૫૦ કરોડ યુવાનોએ આવેદન કર્યું પરંતુ સરકારે માત્ર ૭.૫૦ લાખ નોકરીઓ આપી શકી. આજના ચુકાદાનું સ્વાગત કરતા ફરીથી એકવાર સરકારને અમે કહીએ છીએ કે, કેન્દ્ર સરકારની, રાજ્ય સરકારની, રેલ્વેની, બેંકીંગની, શિક્ષકોની તમામ જગ્યાઓ જે ખાલી છે તે પદો નોકરીઓ આપીને તાત્કાલીક ભરવામાં આવે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રીશ્રી નઈમ મિરઝા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કો-કન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, પ્રવક્તાશ્રી ડૉ. અમિત નાયક, હિરેન બેંકર ઉપસ્થિત રહ્યા હતા.

હેમાંગ રાવલ
કોકન્વિનર - પ્રવક્તા
મો. 9898233038